# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) સોમનાથ ખાતે રાજ્ય સરકારની ચાલી રહેલી 11મી ચિંતન શિબિરનો આજે છેલ્લો દિવસ
2) બનાસકાંઠાની વાવ બેઠકની પેટા-ચૂંટણી માટે આજે સવારે આઠ વાગ્યે મતગણતરી શરૂ કરાશે.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર "મન કી બાત" કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.
4) રાજ્યના ખેડૂત નોંધણી પૉર્ટલ એગ્રીસ્ટેક પર ટેક્નિકલ ખામી સર્જાતા ખેડૂતો હાલ પૂરતી નોંધણી કરાવી શકશે નહીં.
5) જમ્મુમાં ચાલી રહેલી શાળાકીય નેશનલ ફેન્સીંગ અંડર 17 સ્પર્ધામાં રાજ્યના વિક્રમ પટણીએ સુવર્ણ ચંદ્રક જીત્યો.

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# SOMNATH CHINTAN SHIBIR

સોમનાથ ખાતે રાજ્ય સરકારની યોજાયેલી 11મી ચિંતન શિબિરનો આજે છેલ્લો દિવસ છે. શિબિરમાં ગઈકાલે રાજ્યમાં રોજગારીની નવી તક ઊભી કરવી, ગ્રામ્ય વિસ્તારોમાં આવક વધારવી, પ્રવાસન વિકાસમાં જિલ્લા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું યોગદાન સહિતના વિષયો પર ચિંતન કરાયું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં યોજાયેલી આ શિબિરમાં રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો અને અધિકારીઓએ વિવિધ વિષયો પર સમૂહચર્ચા પણ કરી હતી.

ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ 100 ટકા લાભાર્થી સુધી પહોંચાડવા સંતૃપ્ત અભિગમથી સાથે મળી આગળ વધવા અને પ્રત્યેક લાભાર્થીને આવરી લેવા સંદર્ભે પણ માર્ગદર્શન અપાયું હતું.

------------------------------------------------------------------

- (માહિતી ખાતા- પ્રવેશ)

NAVIN

# CM - Bhanvagar and Probandar

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાવનગર જિલ્લાના પીપળીથી વટામણ સુધીના રસ્તાને ચાર માર્ગીય બનાવવાની ધારાસભ્યની રજૂઆતને મંજુર કરી આ અંગે કામગીરી કરવા રાજ્ય માર્ગ વિકાસ વિભાગને નિર્દેશ આપ્યા છે. જે અનુસંધાને વટામણથી પીપળી વિભાગમાં 24.11 કિલોમીટરની લંબાઈનો રોડ આગામી દોઢ વર્ષમાં ચાર માર્ગીય થઈ જશે.

આ સાથે જ પોરબંદર છાયા નગરપાલિકા દ્વારા એક કરોડ 68 લાખ રૂપિયાના ખર્ચે 15 માર્ગોનું નવીનીકરણ હાથ ધરાશે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે, ભૂગર્ભ ગટરના કામોને લીધે ખરાબ થયેલા રસ્તાઓનું નગરપાલિકા દ્વારા નવીનીકરણ કરશે.

---

- પીટીસી, ભાવનગર, પોરબંદર, નીકિતા શાહ, (મયુર)

NAVIN

# BANASKANTHA VAV BY ELECTION

બનાસકાંઠા જિલ્લાની ખાલી પડેલી વાવ વિધાનસભા બેઠકની પેટા-ચૂંટણી માટે આજે સવારે આઠ વાગ્યાથી મતગણતરી શરૂ કરાશે. પાલનપુર તાલુકાના જગાણામાં આવેલી સરકારી ઇજનેરી મહાવિદ્યાલયના મતગણતરી કેન્દ્રમાં આજે 321 બૂથની 23 રાઉન્ડમાં મતગણતરી કરાશે. આ સાથે 10 ઉમેદવારોનું ભાવિ નક્કી થશે.

આ ચૂંટણી પ્રક્રિયામાં 159થી વધુ અધિકારી અને કર્મચારીઓ જોડાશે. ગઈકાલે જિલ્લા ચૂંટણી અધિકારીએ મતગણતરીની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું. દરમિયાન તેમણે નિરીક્ષકોની ઉપસ્થિતિમાં સ્ટ્રોન્ગ રૂમ, મીડિયા સેન્ટર અને સીસીટીવી કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ અંગે જિલ્લા ચૂંટણી અધિકારી મિહીર પટેલે માહિતી આપી હતી.

**(બાઈટઃ જિલ્લા ચૂંટણી અધિકારી મિહીર પટેલ)**

---------------------------------------------------------------------

- **(PTC- BANASKANTHA- PRAVESH)**

NAVIN

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સાથે તેમના વિચારો રજૂ કરશે. મન કી બાતની આ 116મી કડી હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને Newsonair મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. તે એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ લાઈવ-સ્ટ્રીમ થશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ કરશે.

---

- રીપીટ

# AHMEDABAD ADHAR CENTRES CLOSED

અમદાવાદ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સંચાલિત 47 આધારકાર્ડ નોંધણી કેન્દ્રો આજે 12 વાગ્યા બાદ બંધ રહેશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે, ભારત સરકાર દ્વારા આધાર કાર્ડના કર્મચારીઓને તાલીમ આપવાની હોવાથી આવતીકાલે આધારકાર્ડ કેન્દ્રો સવારે નવ વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધી જ કાર્યરત રહેશે.

ત્યારબાદ 25 નવેમ્બર સોમવારથી કામગીરી રાબેતા મુજબ શરૂ થશે એમ મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું છે.

---

- રીપીટ

# CIVIL HOSPITAL PATHRI OPERATION

અમદાવાદ સિવિલ હૉસ્પિટલમાં માત્ર 2 દિવસમાં 10 દર્દીઓની લિથ્રોટ્રિપ્સીથી ઑપરેશન વગર જ પથરીની સારવાર કરવામાં આવી છે. સિવિલ હૉસ્પિટલના અધિક્ષક ડૉ. રાકેશ જોષીએ જણાવ્યું કે, પથરીની સારવાર માટે દર્દીઓએ હવે ખાનગી હૉસ્પિટલમાં જવાની જરૂર નથી. પથરીની સારવાર માટેની પ્રતીક્ષા યાદીમાં રહેલા 40 દર્દીઓની પણ ઝડપથી સારવાર કરાશે.

## (બાઈટ - ડૉ. રાકેશ જોષી, અધિક્ષક, સિવિલ હૉસ્પિટલ)

આ અંગે સિવિલ હૉસ્પિટલ યુરોલોજી વિભાગના વડા ડૉ. શ્રેણીક શાહે જણાવ્યું કે, લિથોટ્રીપ્સી એ પથરીને તોડવા માટે એક સુરક્ષિત, અસરકારક અને દર્દી માટે અનુકૂળ સારવાર પદ્ધતિ છે. 2 દિવસમાં ત્રણ વર્ષથી લઈ 89 વર્ષ સુધીના દસ દર્દીને પથરીના દુઃખાવામાંથી મુક્ત કરાયા છે. અને આ દર્દીઓ હાલ સંપૂર્ણ સ્વસ્થ છે.

---------------------------------------------------------------------

- (માહિતી ખાતા-પ્રવેશ)

NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# AHMEDABAD BOOK FESTIVAL

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે 30 નવેમ્બરથી આંતરરાષ્ટ્રીય પુસ્તક મહોત્સવનો પ્રારંભ થશે. આઠ ડિસેમ્બર સુધી યોજાનારા આ મહોત્સવનું આયોજન અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા કરાયું છે. મહોત્સવમાં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ત્રણેય ભાષાના વિવિધ પુસ્તકોની 315થી વધુ હાટડીઓ હશે.

તેમજ મહોત્સવ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, વિશિષ્ટ લખાણ, બાળકો માટે અલગ પ્રવૃત્તિઓ તેમજ વિવિધ કાર્યક્રમ યોજાશે. સવારે 11 વાગ્યાથી રાત્રે નવ વાગ્યા સુધી યોજાનારા આ મહોત્સવમાં દરેક લોકો નિઃશુલ્ક પ્રવેશ મેળવી શકશે.

---

- (PTC- AHMEDABAD- PRAVESH)

NAVIN

# AGRISTACK GUJARAT PORTAL

રાજ્યના ખેડૂત નોંધણી એટલે કે, ફાર્મર રજિસ્ટ્રી પૉર્ટલ એગ્રીસ્ટેક પર ટેક્નિકલ ખામી સર્જાતા તેમાં હાલ પૂરતી નોંધણી થઈ શકશે નહીં. એમ રાજ્ય સરકારની એક યાદીમાં જણાવાયું છે. પૉર્ટલ પર ખામીને દૂર કરીને નોંધણી પ્રક્રિયા ફરી શરૂ કરીને ખેડૂતોને આ માટેની જાણ કરાશે.

કેન્દ્ર સરકારની સૂચના અનુસાર, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થી ખેડૂતોને આગામી ડિસેમ્બર મહિનાનો હપ્તો મેળવવા 25 નવેમ્બર પહેલા નોંધણી ફરજિયાત પૂર્ણ કરવા જણાવાયું હતું, રાજ્યમાં અત્યાર સુધીમાં અઢી લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઈ છે.

ઉલ્લેખનીય છે કે, એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને 11 આંકડાનું વિશેષ ખેડૂત ઓળખપત્ર અપાશે, જેમાં તેમની જમીન સહિતની વિગતો ઉપલબ્ધ રહેશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# GOLD MEDAL

શાળાકીય નેશનલ ફેન્સીંગ અંડર 17 સ્પર્ધામાં રાજ્યના વિક્રમ પટણીએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. વિક્રમ પટણીએ અંડર 17 વ્યક્તિગત બોયઝ ઇવેન્ટમાં રાજ્ય માટે આ સિદ્ધિ હાંસલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ ખાતે ચાલી રહેલી 68મી શાળાકીય નેશનલ ફેન્સીંગ સ્પર્ધામાં અગાઉ ગુજરાતે અંડર 17માં ત્રણ કાંસ્ય ચંદ્રકો જીત્યા છે અને હવે તેમાં એક સુવર્ણ ચંદ્રકનો ઉમેરો થયો છે.

---

- ન્યુઝ પેપર, નિકીતા, NAVIN

# Syed Mushtaq Ali match

મધ્યપ્રદેશના ઇન્દોરમાં આજથી સૈયદ મુસ્તાક અલી ટી-20 સ્પર્ધાનો પ્રારંભ થશે. સ્પર્ધાની પ્રથમ મેચમાં આજે ગુજરાત અને બરોડા વચ્ચે મુકાબલો થશે. મેચ સાંજે 4-30 વાગે શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતની ટીમ અક્ષર પટેલની સુકાની હેઠળ તો બરોડાની ટીમ કૃણાલ પટેલની સુકાની હેઠળ રમશે. જ્યારે આ સ્પર્ધામાં સૌરાષ્ટ્રની ટીમ પ્રથમ મેચમાં સિક્કીમ સામે રમશે.

---------------------------------------------------------------------

- ન્યુઝ પેપર, નિકીતા NAVIN

# PANCHMAHAL MP MEETING

પંચમહાલ જિલ્લામાં ચાલતા વિવિધ કૌશલ્ય વિકાસના કાર્યક્રમોની સમીક્ષા, ચર્ચા અને માર્ગદર્શન માટે ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા I.T.I. ગોધરા ખાતે બેઠક યોજાઈ ગઈ.

રાજ્યસભા સાંસદ ડૉ. જસવંતસિંહ પરમારની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેમણે વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી. ઉપરાંત તેમણે આગામી સમયમાં I.T.I. અદ્યતન માટે ઉદ્યોગ એકમો સાથે મળીને ઉચ્ચત્તમ કૌશલ્ય વિકાસના કાર્યક્રમોના અસરકારક અમલીકરણની કામગીરી પર ભાર મૂક્યો હતો.

---

- (PTC- PANCHMAHAL- PRAVESH)
NAVIN

# CAMP.

પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત પખવાડિયા ઉજવણી નિમિત્તે બોટાદ નગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત યોજાયેલા કેમ્પમાં 150 થી વધુ ફેરીયાઓને વિવિધ ધિરાણ સહાય, ડિજીટલ નાણાકીય વ્યવહાર અંગે સમજણ આપવામાં આવી હતી.

-----------------------------------------------------------------------

- પીટીસી બોટાદ, નિકીતા, નવીન

# WETHER

રાજ્યમાં ધીરે ધીરે ઠંડીમાં વધારો થઈ રહ્યો છે. ગઈકાલે રાજ્યના 13 શહેરોમાં તાપમાન 17 ડિગ્રીથી ઓછું નોંધાયું હતું. સૌથી ઓછું 12 ડિગ્રી લઘુત્તમ તાપમાન નલીયા ખાતે નોધાયું હતું.

આ સાથે અમરેલી અને કંડલા એરપોર્ટ ખાતે 13 ડિગ્રી, કેશોદ અને ડીસા ખાતે 14 ડિગ્રી, પોરબંદર, રાજકોટ, ગાંધીનગર, બરોડા ખાતે 15 ડિગ્રી તો ભૂજ, અને સુરેન્દ્રનગર ખાતે 16 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં હજુ પણ એક કે બે ડિગ્રીનો ઘટાડો થશે.

---------------------------------------------------------------------

- નિકીતા, NAVIN